# ઊંઝામાંથી જુગાર રમતા ૯ ઈસમો ઝડપાયા

ઊંઝા, તા. ૨૯

વેપારી મથક ઊંઝા ખાતે ખજૂરીપોળ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ધમધમતા પત્તાપાનાના જુગારના અડ્ડા પર પોલીસે દરોડો પાડી નવ ઈસમોને પકડી પાડી સ્થળ પરથી રૂપિયા ૧૪૪૩૦ની રોકડ રકમ કબજે કરી હતી.

ઊંઝા શહેરના ખજૂરીપોળ વિસ્તારમાં પાંજરાપોળ પાસે કેટલાક તત્વો પોતાના આર્થિક ફાયદા માટે તીનપત્તીનો જુગાર રમતા રમાડતા હોવાની પોલીસને બાતમી મળતાં પોલીસે બપોરના સમયે આ સ્થળે દરોડો પાડ્યો હતો. જેમાં ગંજીપાનાથી તીનપત્તીનો જુગાર રમતા નવ ઈસમોને પોલીસે ઝડપી લઈ સ્થળ પરથી રૂપિયા ૧૪૪૩૦ ની રોકડ રકમ કબજે કરી હતી. આ અંગે સ્થાનિક પોલીસે પકડાયેલ જુગારીઓ રતિલાલ અંબાલાલ પટેલ, મહેન્દ્ર વિઠ્ઠલભાઈ પટેલ, જયંતિભાઈ જોઈતારામ પટેલ, સંજય આનંદરાય બારોટ, ભરતજી માધુજી ઠાકોર, સુરેશ કાન્તિભાઈ મોચી, કનુ મણીલાલ પટેલ, રોહિત ભગુભાઈ પટેલ અને જયંતિ બબલદાસ પટેલ વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

લોકોમાં ચર્ચાતી વાતો મુજબ ઉપરોક્ત સ્થળે છેલ્લા કેટલાક સમયથી કેટલાક ચોક્કસ તત્વો તીનપત્તીનો જુગાર રમતા રમાડતા હતા. પોલીસના દરોડામાં જુગારના અડ્ડાના મુખ્ય સૂત્રધારોને કોઈ આંચ આવી નથી અને ફક્ત જુગાર રમવાવાળા જ ઝડપાયા છે.

## સાબરકાંઠા કોંગ્રેસના ઉપપ્રમુખપદે રાજેન્દ્ર રાવલની વરણી

તલોદ, તા. ૨૯

તલોદ તાલુકાના હરસોલ ગામના પૂર્વ સરપંચ અને જિલ્લાના



કોંગ્રેસી આગેવાન રાજેન્દ્રકુમાર છનાલાલ રાવલની સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. જેને સર્વે કાર્યકર મિત્રો અને આગેવાનોએ આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

# હિંમતનગરમાં હાથમતી પુલ પર અજાણ્યા વાહનની ટક્કરે બે બાઈકચાલકો અથડાયા, એકનું મોત

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર શહેરના હાથમતી પુલ પર બુધવારના રોજ સાંજના સુમારે ઓવરટેક કરતુ બાઈક અજાણ્યા વાહન સાથે ટકરાયા બાદ બીજા બાઈક સાથે બાઈક ટકરાયું હતું. જેમાં એકનું મોત નીપજેલ જ્યારે ચારને ઈજાઓ થઈ હતી. તમામને ૧૦૮ દ્વારા તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. અકસ્માત અંગે ટાઉન પોલીસને જાણ થતા તાત્કાલિક પોલીસ સિવિલમાં પહોંચી ગઈ હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

હિંમતનગર ટાઉન પી.આઈ. જે.એમ. આલ દ્વારા અને સ્થળ પરથી જાણવા મળ્યા મુજબ હિંમતનગર શહેરના મહેતાપુરા વિસ્તારના બ્રહ્માણીનગરમાં રાધે ગોવિંદ ફાર્મમાં રહેતા રામઆશ્રયસિંહ શ્રીનાથસિંહ રાજપૂત તેમની પત્ની બિંદુબેન અને પુત્ર રીતેશસિંહને બાઈક નંબર જીજે૧૭-ઈ-૮૮૦૦ પર બુધવારના રોજ સાંજના સુમારે મહેતાપુરાથી હિંમતનગર સિવિલમાં પોતાની પત્નીની દવા લેવા જી રહેલ દરમિયાન હાથમતી પુલ પર ત્યારે હિંમતનગરની મદ્રેસા હાઈસ્કૂલમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતા અને હિંમતનગરના રહેવાસી મહમદઅનીસ ઈરફાન શેખ ઉં.વ. ૧૬ અને મોઈન રજ્જાકભાઈ શેખ ઉં.વ.૧૬ના બાઈક નંબર જીજે-૯-સીસી-૬૯૫૪ પર હતા જે બાઈક બાજુમાંથી પસાર થયું હતું અને કોઈ અજાણ્યા વાહનની ટક્કર વાગતા તે બાઈક રામઆશ્રયસિંહ રાજપૂતના બાઈક સાથે અથડાતા બંને બાઈકો પરના પાંચ સવારો બાઈક સાથે રોડ પર પડ્યા હતા. તમામને શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી. જોત જોતામાં પુલ પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. દરમિયાન ૧૦૮ ને જાણ કરતા સ્થળ પર આવીને તમામ પાંચેય ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડાયા હતા. જ્યાં સિવિલના ડોક્ટર એ.એમ. વેકર્યાએ મોઈન રજ્જાકભાઈ શેખને તપાસ કરતા તેને મૃત જાહેર કર્યો હતો. જ્યારે બાકીના ચાર જણાને સારવાર આપવામાં આવી હતી. આ અકસ્માત અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકને જાણ થતા પી.આઈ. જે.એમ.આલ. સ્ટાફ સાથે ઘટનાસ્થળે અને ત્યાર બાદ સિવિલમાં પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# આવતીકાલે મુખ્યમંત્રી શામળાજીમાં ૬૦ કરોડના વિકાસ માટેના મહાપ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરશે

હિંમતનગર, તા. ૨૯

પવિત્ર યાત્રાધામ શામળાજીનો સર્વાંગી વિકાસ રૂ. ૬૦ કરોડના ખર્ચે હાથ ધરાયો છે ત્યારે આ વિકાસના મહાપ્રકલ્પોને મુખ્યમંત્રી તા. ૩૧ ઓગષ્ટ-૨૦૧૨ શુક્રવારના બપોરે ૩.૦૦ કલાકે શામળાજી મંદિર પરીસર ખાતે ખાતમુહૂર્ત કરશે. મુખ્યમંત્રીશ્રી દિશાસૂચનથી પવિત્ર યાત્રાધામ શામળાજી પરીસરના સર્વાંગી વિકાસ થાય તે માટે રૂ. ૨૦૦૦ લાખ ખર્ચવામાં આવશે. નદીકિનારે ઘાટ, પ્રવાસીઓ માટે અદ્યતન પાર્કિંગ, બસ સ્ટેશન, પ્રસાદીરૂમ અને ડાઈનીંગ હોલની નવિન સુવિધાઓ ઉભી કરવા માટે રૂ. ૬૯૮ લાખનો ખર્ચ કરવામાં આવશે. જયારે પ્રવાસીઓના આનંદપ્રમોદની વ્યવસ્થા માટે બગીચા, શોપિંગ પ્લાઝા, ફૂડ કોર્ટ અને ચેકડેમ સહિત જિલ્લાના વિકાસની ઝાંખી કરાવતું પ્રદર્શન સહિત અન્ય નાગરિક સુવિધાઓ ઉભી કરવા માટે રૂ. ૧૧૭૬ લાખનો ખર્ચ કરવામાં આવશે. શામળાજી ભૂમિપૂજન કાર્યક્રમમાં પ્રવાસન અને જિલ્લા પ્રભારી મંત્રી જયનારાયણભાઈ વ્યાસ, શિક્ષણમંત્રી રમણલાલ વોરા, શિક્ષણ રાજ્યમંત્રી જયસિંહ ચૌહાણ અને ગૃહ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહેશે. ઉપરાંત ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેનશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, સાંસદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ અને જિલ્લાના ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહેશે, એમ જિલ્લા કલેક્ટર કચેરીની એક યાદીમાં જણાવાયું છે.

## ગુજરાત પત્રકાર સંઘના જોઈન્ટ સેક્રેટરી પદે સાબરકાંઠાના નિલેષ જોષીની વરણી

સાબરકાંઠા, તા. ૨૯

ગુજરાત પત્રકાર સંઘની



તાજેતરમાં મળેલી કારોબારી બેઠકમાં સતત ત્રીજીવાર ત્રણ વર્ષ માટે ગુજરાત પત્રકાર સંઘના જોઈન્ટ સેક્રેટરી તરીકે સાબરકાંઠા જિલ્લાના ક્રાઈમ રીપોર્ટર નિલેષકુમાર જોષીની સર્વાનુમતે વરણી કરાતા ગુજરાતના પત્રકાર મિત્રોમાં હર્ષની લાગણી ફેલાઈ છે.



સાબરકાંઠા જિલ્લામાં ૧૦૮ને પાંચ વર્ષ પૂર્ણ થતા તેની ઉજવણીના ભાગ રૂપે બુધવારના રોજ જન જાગૃતિ માટે ૧૦૮ના કર્મચારીઓએ હિંમતનગરના સિવિલ હોસ્પિટલ ખાતેથી બાઈક રેલી યોજાઈ હતી. જે બાઈક રેલીનું સિવિલ સર્જન જયંત ઉપેરીયાએ લીલી ઝંડી આપી રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. જે રેલીમાં ૩૦ બાઈકો અને બે એમ્બ્યુલન્સ ૧૦૮ જિલ્લાના સંદીપ ગઢવી, માર્નીશ મોદીની આગેવાની હેઠળ રેલી શહેરના વિવિધ માર્ગો પર ૧૦૮ની સેવાની જન જાગૃતિના સૂત્રોચ્ચાર સાથે ફરી હતી.

(તસવીર : મગનજી વણઝારા)

# દેસાસણ સ્મશાનમાંથી એન્ગલો ચોરી કરનારા બે દિવસના રિમાન્ડ પર : વધુ એક આરોપી પકડાયો

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના દેસાસણ ગામના સ્મશાનમાં એન્ગલોની ચોરી કરનારા બે જણાને મંગળવારના રોજ સાંજે કોર્ટમાં રજુ કરતા કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. જ્યારે વધુ એક આરોપી બુધવારના રોજ પકડાયો હતો.

વિગત મુજબ દેસાસણ ગામના સ્મશાનમાંથી ગત શનિવારની રાત્રીના ત્રણ ઈસમો બીડના એન્ગલો અને સરસામાન મળી ૧૫ હજારની ચોરી કરી લઈ ગયેલ જે અંગે ગાંભોઈ પોલીસમથકે દેસાસણ ગામના અંકિત પશાભાઈ પટેલે ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન ગાંભોઈ પોલીસમથકના પી.એસ.આઈ. - એ.એલ. આચાર્ય રાયટર - મુકેશભાઈ પ્રજાપતિ સ્ટાફ સહિત સોમવારની રાત્રીના પેટ્રોલિંગમાં બેરણા ચાર રસ્તા બિનવારસી રિક્ષા મળી હતી. જે રિક્ષામાં લોખંડની એન્ગલો અને અન્ય સમાન મળી આવ્યો હતો. જેથી પોલીસ રિક્ષા મુદ્દામાલ સાથે કબજે લઈ તેના રિક્ષા નંબર પરથી માલિકને શોધી તેના નિવેદન આધારે ડ્રાઈવર અસ્પાક હુસેન ઝાકીરમિયા શેખ (રહે. ઝાહીરાબાદ તા. હિંમતનગર)ને ઝડપી પાડી પૂછપરછ કરતા અન્ય ઈસમ મહમદ ફરીદ મહમ્મદમીયા શેખ (રહે. માળીના છાપરીયા તા. હિંમતનગર)નું નામ ખુલતા બંનેને સોમવારના રોજ પકડી પાડ્યા હતા અને મંગળવારના રોજ સાંજે કોર્ટમાં રજૂ કરતા કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. દરમિયાન ચોરીનો ત્રીજો આરોપી અસ્પાકનો ભાઈ રફીક જાકીરહુસેન શેખને બુધવારના રોજ પકડી પાડ્યો હતો.

# તલોદ નાગરિક બેંકમાં પરપ્રાંતિય શકમંદ ઘુસી આવતા ગાર્ડે ઝડપી પાડ્યો

તલોદ, તા. ૨૯

સાબરકાંઠાના તલોદ ખાતે સ્થિત નાગરિક બેંકમાં ગતરોજ એક પરપ્રાંતિય શકમંદ ઘુસી આવતા સિક્યુરિટી જવાને તેને ઝડપી પાડતા બેંકના કર્મચારીઓએ ભારે મેથીપાક ચખાડ્યો હતો અને બાદમાં તલોદ પોલીસને સોંપી દિધો હતો. આ મામલે પોલીસે ગુનો નોંધી તેની વધુ પુછપરછ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર તલોદ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી અસામાજીક અને તસ્કરોને પકડવામાં સ્થાનિક પોલીસ તંત્ર નિષ્ફળ નિવડી છે. પરિણામે શહેરીજનોમાં ભયની લાગણી ફેલાઈ છે ત્યારે મંગળવારના રોજ બપોરે તલોદ નાગરિક બેંકમાં નાણા ભરવાના બહાને પરપ્રાંતિય યુવાન પહોંચી ગયો હતો. અને આમ તેમ આંટાફેરા મારી રહ્યો હતો. દરમિયાન સિક્યુરિટી જવાન નવઘણભાઈ દેસાઈએ આ યુવાન પર શક જતા તેની પુછપરછ હાથ ધરી હતી પરંતુ કોઈ યોગ્ય જવાબ ન મળતા અને તેના બેજવાબદાર વર્તનથી બેંકના કર્મચારીઓએ તેને મેથીપાક ચખાડ્યો હતો અને અંતે બેંક મેનેજર જે.ડી. દોશીએ પોલીસને જાણ કરતા તલોદ પોલીસ ઘટના સ્થળે પહોંચી તેને ઝડપી પુછપરછ હાથ ધરી હતી. જેમાં આ યુવાન સુરેશભાઈ લક્ષ્મણભાઈ મુળવતન મુંબઈ હાલ રહે. અમદાવાદ હોવાનું પોલીસને માલુમ પડ્યું હતું. પોલીસે આ યુવાન વિરૂદ્ધ ગુનો નોંધી તેની વધુ તપાસ હાથ ધરી છે.

## માણસામાં મા અન્નપૂર્ણાનો રથયાત્રા ૩૦મી ઓગસ્ટે પધારશે

માણસા, તા. ૨૯

મહેસાણા જિલ્લાના અંબાસણ ગામે અન્નપૂર્ણા માતાજીનું ખૂબ જ પૌરાણિક મંદિર આવેલું છે. અન્નપૂર્ણા શક્તિપીઠથી મા અન્નપૂર્ણાની રથયાત્રાનો પ્રારંભ તા. ૧૮મી ઓગસ્ટથી થયેલ છે. જે ગુજરાતના અનેક સ્થળોએ ફરીને તા. ૩૦મી ઓગસ્ટના રોજ સાંજે માણસા મુકામે આવનાર છે. મા અન્નપૂર્ણા રથયાત્રા તા. ૩૦મી ઓગસ્ટના રોજ લકરોડાથી નીકળી મકાખાડ થઈ માણસા આવશે. માકાખાડ રોડ ઉપર આવેલ મહાકાળી માતાજીના મંદિરેથી ભવ્યાતિભવ્ય સામૈયું કરાશે. સુપ્રસિધ્ધ ગાયક અશ્વિનભાઈ જોશીની વ્યાસપીઠે માબાને ભુલશો નહિનું રાત્રે આયોજન કરવામાં આવેલ છે. વિઘનેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ધનજીભાઈ ગાલા અને મેનેજિંગ ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસ, ટ્રસ્ટી અશ્વિનભાઈ શાહે લાભ લેવા જણાવેલ છે.

# હિંમતનગરમાં તસ્કરો ત્રાટક્યા : પાંચ લાખની મત્તાની ચોરી કરી લઈ ગયા

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર શહેરના ગોકુલનગર વિસ્તારમાં ગત રવિવારની રાત્રીના તસ્કરોએ ત્રાટકી મકાનનું તાળુ તોડી રૂ. ૫ લાખની મત્તાની ચોરી કરી લઈ ગયેલ. આ અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે જાણ પણ કરાઈ હતી.

હિંમતનગર શહેરના ખેડ તસીયા માર્ગ પર આવેલ ગોકુલનગર વિસ્તારની ૬-લક્ષ્મી પાર્ક સોસાયટીમાં રહેતા વિરેન્દ્રભાઈ ઉકાભાઈ ડામોર તેમના પિતા અને પરિવાર સાથે ત્યાં રહે છે. દરમિયાન ગત રવિવારના રોજ બપોરના સમયે અંદાજે ૩ વાગે વિરેન્દ્રભાઈ અને ઘરના સભ્યો બાધા સામાજિક કામ અર્થે પોતાના વતન દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના મગાનીસર ગામે મકાન બંધ કરીને ગયા હતા. દરમિયાન રવિવારની રાત્રીના તસ્કોએ ત્રાટકીને મકાનના દરવાજાનો નકુચો વાળી દઈ અંદર પ્રવેશ કરી તિજોરીના ચાર તાળા તોડી અંદરથી સોનાના દાગીના અંદાજે ૧૫ તોલાના અને ચાંદીના દાગીના મળી અંદાજે ૫ લાખથી વધુની મત્તાની ચોરી કરી લઈ ગયેલા હતા. સોમવારના રોજ સવારે પડોશીઓ મકાનના દરવાજા ખુલ્લા જોતા વિરેન્દ્રભાઈ ડામોરને જાણ કરેલ જેથી વિરેન્દ્રભાઈ તાત્કાલિક ઘરે આવ્યા હતા અને ત્યાર બાદ હિંમતનગર ટાઉન પોલીસને જાણ કરી હતી જેથી પોલીસ અરજી લઈ તપાસ હાથ ધરી હતી.

# શામળાજી-ગડાધરા માર્ગ પરથી ૬૦ વાછરડાં ભરેલી ટ્રક ઝડપાઈ

સાબરકાંઠા, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકાના શામળાજીથી ગડાધર માર્ગ પરથી મોડાસા ગ્રામ્ય પોલીસે પશુઓ ભરેલા ટ્રકનો પીછો કરી પકડી પાડી તમામ ઢોરને ઈડર પાંજરાપોળમાં મોકલી આપ્યા હતા. મામલે મોડાસા ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી ટ્રક કબજે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

રાજસ્થાનથી ગુજરાતમાં ટ્રક નંબર એમ.પી. ૦૯-એચ.જી. ૧૯૩૬માં ગાય અને વાછરડા ભરીને ટ્રક કતલખાને જઈ રહી છે તેવી બાતમી મોડાસા ગ્રામ્ય પોલીસ મથકમાં પી.એસ.આઈ. આર.વી. દેસાઈને બુધવારે મળી હતી. જેથી પી.એસ.આઈ.એ સ્ટાફ સાથે રાજેન્દ્રનગર ચોકડી ખાતે બપોરે વાહન ચેકિંગ હાથ ધર્યું હતું. દરમિયાન બપોરના ૧ વાગ્યેના સુમારે પી.એસ.આઈ.ને જાણ થઈ કે ટ્રક બીજે રસ્તે વળી ગઈ હતી તેથી પી.એસ.આઈ. દેસાઈએ ટ્રકનો પીછો કર્યો હતો. જેથી પશુઓ ભરેલી ટ્રક શામળાજીથી ગડાધરા માર્ગ પર મૂકી નાસી ગયેલ અને પોલીસે રૂ.૧૦ લાખની ટ્રક કબજે લઈ અંદર ભરેલા ગાય અને વાછરડા મળી અંદાજે ૬૦થી વધુ પશુઓને ઈડરના પાંજરાપોળમાં મોકલી આપ્યા હતાં.

## ગઢડા શામળાજીમાં વિષ્ણુયાગ-છપ્પનભોગનું આયોજન

ખેડબ્રહ્મા તાલુકાના ગઢડા શામળાજી ગામના શામળીયા ભગવાનના મંદિરમાં તા. ૩૦ ઓગષ્ટથી તા. ૧ સપ્ટેમ્બર ૨૦૧૨ દરમિયાન વિષ્ણુયાગ તથા છપ્પન ભોગનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહા વિષ્ણુયાગના મુખ્ય યજમાન તથા આયોજક તરીકે ખેડબ્રહ્માના હસમુખલાલ તુલસીદાસ મોદી પરિવાર ધર્મલાભ લેશે. ગુરુવારના રોજ સવારે ૯ વાગ્યાથી એક વાગ્યા સુધી છપ્પનભોગના દર્શન થઈ શકશે જયારે ખેડબ્રહ્માના બ્રહ્માકુમારી જયોતિબેન વિષ્ણુયાગનો દિપ પ્રાગટય કરી મહાયજ્ઞનો શુભારંભ કરાવશે. વિસનગરના દ્વારકાધીશ મંદિરના મુખિયાજી હીરેનભાઈ જોષીના વરદ હસ્તે છપ્પનભોગ ભાવિક ભકતોના દર્શન અર્થે ખુલ્લો મુકવામાં આવશે.

# પ્રાંતિજ શહેરમાં ચોરોનું સામ્રાજય

પ્રાંતિજ, તા.૨૯

પ્રાંતિજ શહેરના નિર્માણ કોમ્પ્લેક્ષમાં આવલી એક કરીયાણાની દુકાનનું શટલ તોડી માલ સામાન રફે દફે કરી રૂ. ત્રણ હજારની રોકડ રકમ અને કેટલોક સામાન તસ્કરો લઈ જવામાં સફળ રહ્યા હતા. આવી જ ઘટના થોડા સમય પહેલા ભાંખરીયા વિસ્તાર તથા સિનેમા રોડ પર તસ્કરોએ હાથ અજમાવ્યો હતો. પરંતુ આ જગ્યાએથી ખાલી હાથ પાછું ફરવું પડયું હતું.

મળતી માહિતી અનુસાર ગઈકાલની રાત્રિના સમયે તસ્કરો નિર્માણ કોમ્પ્લેક્ષના સાંઈબાબા કરિયાણાની દુકાનના તાળા તોડી શટલ ઉંચું કરી રૂ. ત્રણ હજાર ઉપરાંત ની ચોરી કરી પલાયન થઈ ગયા હતાં. આ જ રીતે અગાઉ પણ આજ વિસ્તારમાં જેવા કે ભાંખરીયા વિસ્તાર સુધી તસ્કર ટુકડી હાથ અજમાવી ચૂકી છે પરંતુ કાંઈ પણ હાથ લાગ્યું નહોતું.

આ વિસ્તારના રહીશોના કહેવા મુજબ સ્ટ્રીટ લાઈટ બંધ રહેતી હોવાથી અવાર નવાર તસ્કરોનો ત્રાસ વધી જવા પામ્યો છે અને આ જ રીતે પ્રાંતિજના વિકસિત વિસ્તારો તેમજ જાહેરમાં આવેલ દુકાનોમાં થતી ચોરીઓ થતી રહે છે. આવા બનાવો પોલીસની નિષ્ક્રિયતાનો ઉત્તમ દાખલો હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

# દેસાસણ સ્મશાનમાંથી એન્ગલો ચોરી કરનારા બે શખ્સો ઝડપાયા

હિંમતનગર, તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના દેસાસણ ગામના સ્મશાનમાં એન્ગલોની ચોરી કરનારા બે જણાને પોલીસે રાત્રિના પેટ્રોલિંગ દરમિયાન મુદ્દામાલ સાથે પકડી પાડયા હતા અને તેની વિરુધ્ધ ગુનો નોંધી બંને જણાને કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી હતી.

દેસાસણ ગામના સ્મશાનમાંથી ગત શનિવારની રાત્રિના ત્રણ ઈસમો બીડના એન્ગલો અને સરસામાન મળી ૧૫ હજારની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે ગાંભોઈ પોલીસ મથકે દેસાસણ ગામના અંકિત પશાભાઈ પટેલે ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન ગાંભોઈ પોલીસ મથકના પી.એસ. આઈ. એ.એલ. આચાર્ય, રાયટર- મુકેશભાઈ પ્રજાપતિ સ્ટાફ સહિત સોમવારની રાત્રિના પેટ્રોલિંગમાં બેરણા ચાર રસ્તા બિનવારસી રિક્ષા મળી હતી જે રિક્ષામાં લોખંડની એન્ગલો અને અન્ય સામાન મળી આવ્યો હતો. જેથી પોલીસ રિક્ષા મુદ્દામાલ સાથે કબજે લઈ તેના રિક્ષા નંબર પરથી માલિકને શોધી તેના નિવેદન આધારે ડ્રાઈવર અસ્પાક હુસેન ઝાકીરમિયા શેખને ઝડપી પાડી પૂછપરછ કરતા અન્ય ઈસમ મહમદ ફરીદ મહમદમીયા શેખનું નામ ખુલતા બંને સોમવારના રોજ પકડી પાડયા હતા.

# ખેડબ્રહ્માના માર્ગો પર રખડતી ગાયોનો ત્રાસ

ખેડબ્રહ્મા, તા. ૨૯

ખેડબ્રહ્મા શહેરના મુખ્ય માર્ગો વાસણા રોડ, ભાટવાસ રોડ પર ગાયો અડીંગો જમાવીને બેસી જાય છે. રખડતી ગાયોના ત્રાસથી ટ્રાફિક જામના દશ્યો સર્જાય છે તેમજ અવાર-નવાર અકસ્માત પણ સર્જાતા રહે છે. નગરપાલિકા તંત્ર દ્વારા રખડતી ગાયોને પકડવામાં આવે તેવી ખેડબ્રહ્માના રહીશોની માંગણી છે.

ખેડબ્રહ્માના શાકમાર્કેટ, વાસણા બસસ્ટેન્ડ, સરદાર ચોક, માણેક ચોક, ચૌધરી માર્કેટ, ભાટવાસ અને લક્ષ્મીપુરા ચાર રસ્તા જેવા વિવિધ ભરચક વિસ્તારના રોડ પર રખડતી ગાયો અડીંગો જમાવી બેસી જાય છે. રસ્તા વચ્ચે બેઠેલી ગાયો એટલી હદે બિન્દાસ્ત હોય છે કે વાહનચાલકો હોર્ન વગાડે તો પણ ઉભી થઈને સાઈડમાં ખસતી નથી તેથી રસ્તાઓ પર ઠેર ઠેર ટ્રાફિકજામના દશ્યો જોવા મળે છે. શાક ખરીદવા આવતી ગૃહિણીઓ અને વૃદ્ધો ગાયની અડફેટે આવતા ઈજા પહોંચે છે. ખેડબ્રહ્માના રહીશો દ્વારા અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત નગરપાલિકાના સત્તાધીશોને કરવામાં આવી છે તેમ છતાં પણ તંત્ર દ્વારા રખડતી ગાયોને પકડવાની ઝુંબેશ કયારે શરુ કરવામાં આવશે તે જોવું રહ્યું.

## ધી મોતેસરી ગૃપ સેવા સહકારી મંડળીના ચેરમેન પદે જયરામ દેસાઈની વરણી



તલોદ તાલુકાની મોટામાં મોટી ધી મોતેસરી ગૃપ સેવા સહકારી મંડળીના ચેરમેન પદે જયરામભાઈ સોમાભાઈ દેસાઈની અને વાઈસ ચેરમેન પદે વિનોદભાઈ નાનજીભાઈ પટેલની બિનહરીફ વરણી કરવામાં આવી છે. આથી મિત્રો, ગ્રામજનો અને પરિવારના સભ્યોએ હાર્દિક શુભેચ્છા પાઠવી હતી.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex,
Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar
Mobile : 94265 13601